# કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, કચ્છ
## મેજીસ્ટ્રેરીયલ શાખા, જિલ્લા સેવા સદન, માંડવી રોડ, ભૂજ
ઇ-મેઇલ : collector-kut@gujarat.gov.in, mag.kutch@gmail.com ફોન/ફેક્ષ : ૦૨૮૩૨-૨૫૨ ૭૧૫, ૨૫૧ ૩૪૮


જાન. મેજી/પોલ-૧/વશી/૫૪/૨૦૨૧, તા. ૦૬/ ૦૧ /૨૦૨૧

પ્રતિ,
**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન,**
**૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, શાહીબાગ,**
**અમદાવાદ.**

વિષય:- શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા બાબત.

સંદર્ભ:- આપની તા. ૦૬/૦૧/૨૦૨૧ વાળી અરજી અન્વયે,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આપના દ્વારા ની સંદર્ભ વાળી અરજીથી કચ્છ જીલ્લાના શહેરોમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ મોકલવા જણાવેલ છે. જે જાહેરનામાની નકલો આ સાથે સામેલ રાખી મોકલાવેલ છે.

**બિડાણ:- ઉપર મુજબ**

**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ**
**કચ્છ-ભુજ**

AGTTA
DT. : 25/1 /2020
File No. : 20

## મુંબઈ પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ મુજબનું

## આખરી જાહેરનામું

## જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, કચ્છ-ભુજ

નં.મેજી/પોલ-૧/અંજાર શહેર/પ્રવેશબંધી/૦૭/૨૦૨૦      તા.૨૨/૦૭/૨૦૨૦

### આખરી જાહેરનામું

કચ્છ જીલ્લાના અંજાર શહેર મધ્યે કળશ સર્કલ (દબડા ચોકડી) અંજારથી યોગેશ્વર ચોકડી અંજાર જનરલ હોસ્પીટલ થઈ નાગલપર ચોકડી થઈ ને મુંદ્રા જતાં ભારે/અતિભારે વાહનોને કારણે યોગેશ્વર ચોકડી થી નાગલપર ચોકડી સુધી જતાં રસ્તા પર ઘણાં અકસ્માત થયેલ છે. અને જેના કારણે નિર્દોષ વ્યક્તિઓના અકસ્માતના કારણે મૃત્યુ થયેલ છે. જે અન્વયે અંજાર શહેરના નગરપાલીકાના પ્રતિનિધિઓ અને અંજાર શહેરની જુદી-જુદી સંસ્થાઓના પ્રતિનિધિઓના મંડળ દ્વારા ઉક્ત બાબતે એસ.ડી.એમ. અંજારને રજુઆત કરેલ. જે બાબતે રોડ અકસ્માતના બનતા બનાવો ઉપર નિયંત્રણ લાવવા માટે ભારે/અતિભારે વાહનોને ઉક્ત રસ્તાઓ પરથી બંધ કરી તેની અવેજીમાં નીચે અનુસુચી મુજબના રસ્તાઓ પર ભારે/અતિભારે વાહનોને ડાયવર્ડ કરવા તા.૧૫/૦૧/૨૦૧૯ના પ્રાથમિક જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. જે જાહેરનામા બાબતે લોકો દ્વારા વાંધા /સુચનો આવેલ. રજુ થયેલ વાંધા અરજી બાબતે પોલીસ અધિક્ષકશ્રી,પુર્વ કચ્છ ગાંધીધામ તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અંજાર પાસેથી અભિપ્રાય મેળવતા તેઓ દ્વારા જણાવવામાં આવેલ વિગતે રજુ થયેલ વાંધા મુજબ સુચિત માર્ગ એક રેસીડેન્સી વચ્ચેથી પસાર થતો નથી કે જેના કારણે ટ્રાફિકની સમસ્યા ઉદભવી શકે. જેથી નીચે મુજબ આખરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જેથી, હું **પ્રવિણા ડી.કે.**,આઈ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ કચ્છ જિલ્લાના તા.અંજાર મધ્યે કળશ સર્કલ(દબડા ચોકડી) અંજારથી યોગેશ્વર ચોકડી અંજાર જનરલ હોસ્પીટલ થઈ નાગલપર ચોકડી થઈ ને મુંદ્રા જતાં-આવતા ભારે/અતિ ભારે માલ વાહનો માટે અંજાર શહેરમાં પ્રવેશબંધી ફરમાવવા આવે છે, તેમજ આ ભારે/અતિભારે માલ વાહક વાહનોને નીચે અનુસુચિમાં જણાવેલ રસ્તા ઉપર ડાયવર્ડ કરી વાહન વ્યવહાર માટે વાહનો લઈ જવા-લાવવા માટે નક્કી કરવાનો હુકમ કરૂ છું.

આ હુકમની અંદર ભારે/અતિભારે માલ વાહક વાહન શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા આપી છે તેનો સમાવેશ થાય છે.

- **અનુસુચી**

જે ભારે/અતિભારે માલ વાહક વાહનો ભચાઉ-ભીમાસર થઈ આવે છે તે વાહનોને વરસામેડી ગામ પછી એરપોર્ટ રોડ થઈને શર્મા રીસોર્ટ (ગળપાદર, તા. ગાંધીધામ) ચોકડી થઈને મુંદ્રા જતાં નેશનલ હાઈવે રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે તથા જે વાહનો મુંદ્રા તરફથી સિનુગ્રા થઈ આવે છે તે ભારે/અતિભારે માલ વાહક વાહનોએ નેશનલ હાઈવે(મુંદ્રા-ગાંધીધામ)પર અંજાર ઓવરબ્રિજથી એરપોર્ટ ચોકડી ગળપાદરથી એરપોર્ટ રોડ થઈ ભીમાસર થઈ ભચાઉ રોડનો પરિવહન માટે ઉપયોગ કરવાનો રહેશે.

➢ **ઉપરોક્ત હુકમ/જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવે છે.**

૧. સરકારી વાહનો/સરકારી કામે રોકવામાં આવેલ વાહનો.

૨. પોલીસ અધિક્ષકશ્રી, પુર્વ કચ્છ, ગાંધીધામ કે સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી-અંજારના આદેશાનુસાર **સક્ષમ અધિકારીશ્રી દ્વારા અધિકૃત કરેલ વાહનો.**

આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ પોલિસ ખાતાએ ઉક્ત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે. તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર હાજર રહી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે.

આજરોજ તા. ૨૫/૦૭/૨૦૨૦ ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યુ.

જીલ્લા મેજીસ્ટ્રેટ * કચ્છ - ભુજ *

(પ્રવિણા ડી.કે.)
જીલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભૂજ

**નકલ રવાના અમલવારી અર્થે**

૧ પોલિસ અધિક્ષકશ્રી, પુર્વ કચ્છ ગાંધીધામ / પશ્ચિમ કચ્છ-ભુજ
૨ સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, અંજાર/ભચાઉ/મુંદ્રા
૩ મામલતદારશ્રી, અંજાર/ગાંધીધામ/મુંદ્રા/ભચાઉ/
૪ પીઆઇશ્રી. પો.સ્ટે.અંજાર/ગાંધીધામ/મુંદ્રા/ભચાઉ
૫ નાયબ માહિતી નિયામકશ્રી. માહિતી ખાતું, ભુજ. સ્થાનિક વર્તમાન પત્રમાં વિના મુલ્યે પ્રસિધ્ધિ સારૂ.
૬. કાર્ય પાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, કચ્છ-ભુજ
૭. કાર્ય પાલક ઇજનેરશ્રી, નેશનલ હાઇવે ગાંધીધામ -કચ્છ.
૮ વ્યવસ્થાપકશ્રી સરકારી છાપકામ ખાતું રાજકોટ. ગેઝેટમાં પ્રસિધ્ધિ અર્થે

AGTTA
DT. : 25 / 1 /2020
File No. : 20

મુંબઈ પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની પેટા કલમ ૧ ના ખંડ બી મુજબનું
આખરી જાહેરનામું
જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી કચ્છ ભુજ
તા. ૧૬/૧૨/૨૦૧૪

---

<u>આખરી જાહેરનામું</u>

નાં મેજી/પોલ/જાહેરનામું/પેસેન્જર વ્હીકલ પ્રવેશબંધી/૩૩-૧/૧૨/૧૪

વંચાણ : અત્રેના જાહેરનામા ક્રમાંક મેજી/પોલ/જાહેરનામું/૩૩-૧/૧૩ તા. ૧/૩/૧૩

કચ્છ જીલ્લાના ભુજ શહેરમાં પ્રાઈવેટ લક્ઝરી બસો તથા અન્ય પેસેન્જર મોટર વ્હીકલની સંખ્યામાં વધારો થયેલ છે જેને કારણે ટ્રાફિક સમસ્યા ખુબ જ વિકટ બનવા પામેલ છે. આ લક્ઝરી બસો તથા અન્ય પેસેન્જર મોટર વ્હીકલોની ઓફિસો બસ સ્ટેશન વિસ્તારની આજુબાજુ, વી.ડી. હાઈસ્કુલ પાસે આવેલી છે. લક્ઝરી બસો અને અન્ય પેસેન્જર મોટર વ્હીકલોને ભુજ નગર પાલિકા ઓફિસ, ગેરવાડી વંડી, વી.ડી. હાઈસ્કુલ માતૃછાયા કન્યા વિદ્યાલય તેમજ ઈન્દિરાબાઈ પાર્ક પાસે ઉભા રાખી પેસેન્જરો બેસાડવામાં આવે છે. જેના કારણે અવાર નવાર ટ્રાફિકની સમસ્યાઓ ઉભી થાય છે. વી.ડી. હાઈસ્કુલ પાસે લોહાણા મહાજન વાડી આવેલ હોઈ અવાર નવાર લગ્ન તેમજ અન્ય પ્રસંગો યોજાતા હોઈ લક્ઝરી બસો અને અન્ય પેસેન્જર મોટર વ્હીકલોની અવર જવરના કારણે ટ્રાફિક જામના પ્રશ્નો ઉભા થાય છે. ભુજ શહેરમાં હાલમાં નાના અને મોટા વાહનોની સંખ્યામાં ખુબ જ વધારો થયેલ છે અને ભવિષ્યમાં પણ ખુબ જ ઝડપથી વધારો થવાની શક્યતા હોઈ ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ ઉભી થવાની અને અકસ્માતો થવાની શક્યતાઓ છે. જેથી ભુજ શહેરમાં અવર જવર કરતા ભારે પેસેન્જર મોટર વ્હીકલો તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલોનું નિયમન કરવા વંચાણ વાળું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવેલ અને બહોળી પ્રસિદ્ધિ વર્તમાન પત્રો વગેરે દ્વારા કરવામાં આવેલ તેમજ દિવસ ૩૦ માં વાંધા/સૂચનો મોકલી આપવા જણાવવામાં આવેલ.

અત્રેના વંચાણ વાળા જાહેરનામાના અનુસંધાને રજુ થયેલ વાંધા/સૂચનો પરત્વે પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજના રીમાર્ક્સ મેળવી વાંધા/સૂચનોનો નિકાલ કરવામાં આવેલ. રજુ થયેલ વાંધા/સૂચનો અને પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છના રીમાર્ક્સ ધ્યાને લેતાં વંચાણ વાળા પ્રાથમિક જાહેરનામામાં કોઈ સુધારો કરવાની જરૂરીયાત જણાતી નથી.

જેથી હું એમ.એસ. પટેલ, આઈ.એ.એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ ભુજ, કામના કાગળો નજરે ગુજરાત પોલિસ અધિનિયમની કલમ ૩૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ સવારના કલાક ૮:૦૦ થી રાત્રિના કલાક ૨૨:૦૦ સુધી ભુજ શહેરના નીચે જણાવેલ રસ્તાઓ પર જીએસઆરટીસીની બસ સિવાયના ભારે પેસેન્જર મોટર વ્હીકલ તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલને પ્રવેશ પર પ્રતિબંધ મુકવાનું તેમજ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના આદેશો આખરી જાહેર કરૂં છું.

<u>અનુસુચી</u>

૧) નખત્રાણા તથા માંડવી તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ પ્રિન્સ રેસીડેન્સી હોટલ ત્રણ રસ્તાથી ભુજ તરફ આવી શકશે નહી, પરંતુ પ્રિન્સ રેસીડેન્સી હોટલ ત્રણ રસ્તાથી જયનગર બાયપાસ થઈ રીલાયન્સ પેટ્રોલપંપ સર્કલ તરફથી માધાપર બાયપાસ જઈ શકશે.

૨) ગાંધીધામ/અંજાર તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ચાર રસ્તા થઈ રીલાયન્સ પેટ્રોલપંપ સર્કલ થી માંડવી, મુન્દ્રા તથા નખત્રાણા તરફ જઈ શકશે.

૩) ખાવડા તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ પોલિસ છત્રીસ ક્વાર્ટર્સ ચાર રસ્તા થઈ એરપોર્ટ રીંગરોડ થઈ કેન્સન મોટર્સ ત્રણ રસ્તા થઈ પ્રિન્સ રેસીડેન્સી હોટલ ત્રણ રસ્તા થી નખત્રાણા તેમજ માંડવી તરફ જઈ શકશે.

૪) મુન્દ્રા તરફથી આવતા ભારે તથા મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ રીલાયન્સ પેટ્રોલપંપ સર્કલ થઈ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર સર્કલથી આરટીઓ રીલોકેશન થઈ માધાપર તરફ જઈ શકશે.

આ જાહેરનામામાં હેવી પેસેન્જર મોટર વ્હીકલ અને મીડીયમ પેસેન્જર મોટર વ્હીકલ શબ્દનો અર્થ મોટર વ્હીકલ એક્ટમાં જે વ્યાખ્યા કરવામાં આવેલ છે તે જ રહેશે.

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહી.

૧) સરકારી વાહનો તેમજ જાહેર જનતાની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સી દ્વારા ચલાવવામાં આવતા વાહનો.

૨) ફાયર ફાઈટર

૩) એમ્બ્યુલન્સ અને શબવાહિની.

૪) ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના વાહનો

૫) સ્કૂલ બસો

૬) પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ, ભુજ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજ દ્વારા પરવાનગી આપવામાં આવેલ હોય તેવા વાહનો

આજરોજ તા. ૧૫/૧૨/૨૦૧૪ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યો.

રવાના કર્યું

નાયબ ચિટનીસ ટુ

જિલ્લા મેજીસ્ટ્રેટ-કચ્છ ભુજ

(જીલ્લા મેજીસ્ટ્રેટ કચ્છ-ભુજ)

સહી/-

(એમ.એસ. પટેલ)

જીલ્લા મેજીસ્ટ્રેટ

કચ્છ ભુજ

AGTTA

DT.: 25 / 11 / 2020

File No.: 20

નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ....

૧ પોલિસ અધિક્ષકશ્રી કચ્છ ભુજ તરફ (વધારાની ૧૦ નકલો સાથે).... જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કરવા તથા ચુસ્ત અમલ કરાવવા વિનંતી છે.

૨ સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી ભુજ તરફ....

૩ મામલતદારશ્રી ભુજ તરફ....

૪ નાયબ માહિતી નિયામકશ્રી, માહિતીખાતું ભુજ, સ્થાનિક વર્તમાન પત્રમાં વિના મુલ્યે પ્રસિદ્ધિ સારૂ.

૫ વ્યવસ્થાપકશ્રી સરકારી છાપકામ ખાતું રાજકોટ, ગેઝેટમાં પ્રસિદ્ધિ અર્થે